**ફોજદારી અપીલ નં.૬૫૨/૨૦૨૫**

**આંક–૧ નું સાંધણ**

**... <u>આંક–૧ લગત હુકમ</u> ...**

(૧) આ કામે આરોપીને ધી. નેગો.ઇ.એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવીને સજા કરવામાં આવેલી તેની અપીલ થયેલ છે. આ અપીલના કામે મુળ આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ છે અને આંક–૨૦ થી સમાધાન પુરસીસ રજુ કરે છે. મુળ ફરીયાદી તથા તેઓના વકીલે સમાધાન પુરસીસમાં સહી કરેલી છે. આ સમાધાન લોકઅદાલતમાં રજુ થયેલુ છે, જેથી આંક–૨૦વાળુ સમધાન રેકર્ડ ઉપર લેવામાં આવેલુ છે. પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલુ છે. આ સંજોગોમાં પક્ષકારોનું સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવે છે.

ધી નેગો.ઇન્સ્ટુ.એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સમાધાન લાયક છે તેવા સંજોગોમાં આંક–૨૦વાળુ સમાધાન ધ્યાને લઇ ફો. કેસ નં.૮૦૩૮/૨૦૨૫ ના કામે તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ આરોપીને તકસીરવાન ઠરાવીને સજા કરતાં અને વળતર ચુકવાના ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,શ્રી મહેસાણાનાઓના હુકમ રદ્દ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો સમાધાન આધારે હુકમ કરવામાં આવે છે.

(૨) જો એપેલેન્ટે કોઇ રકમ ડીપોઝીટ પેટે ભરેલ હોય તો સમાધાનમાં નક્કી થયા મુજબ ચુકવણી કરવી.

(૩) આ હુકમની નકલ સાથે વિધ્ધ્રાન ટ્રાયલ કોર્ટને તેનું અસલ રેકર્ડ પરત મોકલી આપવું

(૪) ખર્ચ અંગે હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૧૪મી, માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ –૧૪–૩–૨૦૨૬ (એમ.એફ.ખત્રી)

સ્થળ – મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ, મહેસાણા.

જીજે૦૦૬૯૧